# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી, આજે પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી આપશે
2. છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે માઓવાદીઓ માર્યા ગયા
3. દિલ્હીમાં ગાઢ ધુમ્મસને કારણે હવાઇ અને ટ્રેન સેવા ખોરવાઇ..177 ટ્રેન મોડી દોડી રહી છે
4. વધતા તણાવ વચ્ચે ગઈકાલે મોડી રાત્રે ઈરાનથી ઘણા ભારતીય નાગરિકો સહીસલામત નવી દિલ્હી પહોંચ્યા
5. મહિલા પ્રિમીયર લીગમાં આજે મુંબઇમાં યુપીવોરિયર્સ અને મુંબઇ ઇન્ડિયન્સ તેમજ અન્ય મેચમાં દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ વચ્ચે મુકાબલો

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PM - VANDE BHARAT SLEEPER TRAIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે  પશ્ચિમ બંગાળના માલદા ટાઉન રેલ્વે સ્ટેશન પર હાવડા અને ગુવાહાટી (કામખ્યા) વચ્ચે દોડનારી ભારતની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી આપશે. તેઓ ગુવાહાટી - હાવડા વંદે ભારત સ્લીપરને વર્ચ્યુઅલી લીલી ઝંડી પણ આપશે.

સંપૂર્ણ વાતાનુકૂલિત વંદે ભારત સ્લીપર ટ્રેન મુસાફરોને આર્થિક ભાડામાં એરલાઇન જેવો મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટે તૈયાર છે. તે લાંબા અંતરની મુસાફરીને ઝડપી, સલામત અને વધુ અનુકૂળ બનાવશે. વંદે ભારત સ્લીપર ટ્રેનમાં 16 આધુનિક કોચ છે જેમાં કુલ 823 મુસાફરોની ક્ષમતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## PM ASSAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે આસામની મુલાકાતે જશે. તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન તેઓ વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે અને બે નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપશે.

આજે સાંજે લગભગ 6 વાગ્યે પ્રધાનમંત્રી ગુવાહાટીમાં અર્જુન ભોગેશ્વર બરુઆહ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે પરંપરાગત બોડો સાંસ્કૃતિક કાર્યક્રમ બાગુરુમ્બા ધ્વૌ 2026 માં ભાગ લેશે. આ પ્રસંગે, બોડો સમુદાયના 10,000 થી વધુ કલાકારો બાગુરુમ્બા નૃત્ય રજૂ કરશે. આવતીકાલે, પ્રધાનમંત્રી જિલ્લાના કાલિયાબોર ખાતે 6,950 કરોડ રૂપિયાથી વધુના કાઝીરંગા એલિવેટેડ કોરિડોર પ્રોજેક્ટ માટે ભૂમિપૂજન કરશે. એલિવેટેડ વાઇલ્ડલાઇફ કોરિડોર પ્રાણીઓની અવિરત અવરજવર સુનિશ્ચિત કરશે, માનવ-વન્યજીવ સંઘર્ષ ઘટાડશે. તે માર્ગ સલામતીમાં પણ વધારો કરશે, મુસાફરીનો સમય ઘટાડશે અને વધતા મુસાફરો અને માલવાહક ટ્રાફિકને ટેકો આપશે. પ્રધાનમંત્રી 2 નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો - કામાખ્યા-રોહતક અમૃત ભારત એક્સપ્રેસ અને ડિબ્રુગઢ-ગોમતી નગર અમૃત ભારત એક્સપ્રેસને પણ લીલી ઝંડી આપશે. પ્રધાનમંત્રી તેમની આસામ મુલાકાત પૂર્ણ કરતા પહેલા કાલિયાબોરમાં એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHHATTISGARH - MAOISTS KILLED

છત્તીસગઢમાં, આજે બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે માઓવાદીઓ માર્યા ગયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, જિલ્લાના ઉત્તર-પશ્ચિમ વિસ્તારના જંગલમાં માઓવાદીઓની

હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોની એક સંયુક્ત ટીમ રવાના કરવામાં આવી હતી.

આજે સવારે સર્ચ ઓપરેશન દરમિયાન આ એન્કાઉન્ટર થયું હતું. સવારથી બંને બાજુથી સમયાંતરે ગોળીબાર ચાલુ છે. અત્યાર સુધીમાં ઘટનાસ્થળેથી બે માઓવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## DELHI FOG

રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીના મોટા ભાગના વિસ્તારોમાં આજે ગાઢ ધુમ્મસ છવાઈ ગયું, ઉત્તર ભારતમાં ચાલી રહેલી ઠંડીના કારણે રેલ અને હવાઈ ટ્રાફિક પર ગંભીર અસર પડી. ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય (આઈજીઆઈ) એરપોર્ટ પર નબળી દૃશ્યતાએ અનેક ફ્લાઇટ્સ મોડી પડી. ધુમ્મસ અને ઓછી દૃશ્યતાને કારણે કુલ 177 ટ્રેનો મોડી ચાલી રહી છે.

**(BYTE- JENAMANI ON WEATHER)**

દરમિયાન, દિલ્હીની હવાની ગુણવત્તા એક મોટી ચિંતાનો વિષય છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની માહિતી  અનુસાર, રાષ્ટ્રીય રાજધાનીમાં હવા ગુણવત્તા સૂચકાંક સવારે 7 વાગ્યે 368 હતો, જે ખૂબ જ ખરાબ શ્રેણીમાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## VAISHNAW- DEEP TECH STARTUP

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલૉજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારતનું ડીપ-ટેક સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ વિસ્તરી રહ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે આજે, ભારતના 80 ટકા સ્ટાર્ટઅપ્સ કૃત્રિમ બુદ્ધિમત્તા AI-સંચાલિત છે.

શ્રી વૈષ્ણવે જણાવ્યુ ,ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ પ્રોત્સાહન યોજનાએ અત્યાર સુધીમાં 23 સ્ટાર્ટઅપ્સને ટેકો આપ્યો છે. 1 લાખ કરોડ રૂપિયાના ભંડોળ સાથે સંશોધન વિકાસ અને નવીનતા ભંડોળ, નવીનતા ક્ષમતાઓને પણ મજબૂત બનાવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## FERTILIZERS-2024-25

કેન્દ્ર સરકારે વર્ષ 2024-25 દરમિયાન ખેડૂતોની જરૂરિયાતોને સમયસર પૂર્ણ કરવા માટે ખાતરની રેકોર્ડ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે.

રસાયણ અને ખાતર મંત્રાલયે જણાવ્યું કે આશરે 152.50 કરોડ ખાતરની બોરીઓની અંદાજિત રાષ્ટ્રીય જરૂરિયાત સામે, સરકારે કુલ 176.79 કરોડ બોરીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી હતી.

મંત્રાલયે જણાવ્યું કે આ વધારાની ઉપલબ્ધતા ખેડૂતોને ટેકો આપવા અને દેશભરમાં અવિરત ખેતી પ્રવૃત્તિઓ જાળવવા માટેની સરકારની મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

આ સમયગાળા દરમ્યાન મંત્રાલયે ખાતર કંપનીઓ સાથે નિયમિત સમીક્ષા બેઠકો યોજી અને પુરવઠાનું સતત નિરીક્ષણ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## MARKET OPEN ON BUDGET DAY

આ વર્ષે રવિવારે બજેટ રજૂ થવા છતાં, બંને શેરબજાર સૂચકાંકો, બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ), 01 ફેબ્રુઆરીના રોજ ટ્રેડિંગ માટે ખુલ્લા રહેશે.

બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જે રોકાણકારોને માહિતી આપી હતી કે ટ્રેડિંગના કલાકો સામાન્ય રહેશે, જેનાથી રોકાણકારો બજેટની જાહેરાતો પર તાત્કાલિક પ્રતિક્રિયા આપી શકશે.

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ પહેલી ફેબ્રુઆરીએ નાણાકીય વર્ષ 2026-27 માટે કેન્દ્રીય બજેટ રજૂ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## DELHI TRAFFIC ADVISORY

દિલ્હી ટ્રાફિક પોલીસે 19, 20 અને 21મી જાન્યુઆરીએ કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક દિવસની પરેડ રિહર્સલને કારણે ટ્રાફિક અડવાઇસરી જાહેર કરી છે. જે મુજબ, પરેડ ટુકડીઓની સરળ અને અવિરત અવરજવર સુનિશ્ચિત કરવા માટે સવારે 10:15 થી બપોરે 12:30 વાગ્યા સુધી ટ્રાફિક પ્રતિબંધો લાગુ રહેશે.

કર્તવ્ય પથને જોડતા મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિક પ્રતિબંધો લાગુ થશે. મુસાફરોને આ પ્રતિબંધિત માર્ગોની મુસાફરી ટાળવાનું કહેવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## LADAKH - SNOWFALL HIGH ALERT

લદ્દાખના કારગિલમાં તાજેતરમાં થયેલી હિમવર્ષાને કારણે ઝોજિલા માર્ગ પર વાહનોની અવરજવર ખોરવાઈ છે. હવામાન વિભાગે ઝોજિલા ખાતે સામાન્ય રીતે વાદળછાયા વાતાવરણ સાથે સતત બરફ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

આગામી દિવસોમાં કેટલાક શિખરો અને ઘાટો પર હળવી હિમવર્ષા થવાની સંભાવના છે, જ્યારે આ મહિનાના અંતમાં કારગિલ અને ઝાંસ્કરમાં ઘણી જગ્યાએ મધ્યમથી ભારે હિમવર્ષા થવાની સંભાવના છે.

પોલીસે મુસાફરોને બરફવર્ષા દરમિયાન બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## IMD-WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસમાં પંજાબ અને હરિયાણામાં હળવો વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરી છે. આકાશવાણી સમાચાર સાથે ખાસ વાત કરતા, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. આર. કે. જેનામનીએ જણાવ્યું હતું કે આ મહિનાના અંતમાં ઉત્તર-પશ્ચિમ

ભારતમાં વરસાદ પડવાની શક્યતા ખૂબ જ વધારે છે. તેમણે જણાવ્યું હતું કે, શીત લહેરની સ્થિતિમાં સુધારો થયો છે, અને લઘુત્તમ તાપમાનમાં પણ થોડો વધારો નોંધાયો છે.

વિભાગે આવતીકાલ સુધી પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં સવાર અને રાત્રિના સમયે ગાઢ થી અતિ ગાઢ ધુમ્મસની અને છત્તીસગઢ અને પૂર્વ મધ્ય પ્રદેશમાં અલગ અલગ સ્થળોએ શીત લહેરની શક્યતા વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIANS ARRIVAL-IRAN

વધતા તણાવ વચ્ચે ગઈકાલે મોડી રાત્રે ઈરાનથી ઘણા ભારતીય નાગરિકો નવી દિલ્હી પહોંચ્યા છે. સરકારે ઈરાનમાં રહેતા નાગરિકોને અસ્થિર સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દેશ છોડી દેવા સલાહ જાહેર કરી છે.

મીડિયા સાથે વાત કરતા, ઈરાનથી પરત આવેલા એક ભારતીય નાગરિકે સરકારના સમર્થન અને સહયોગ બદલ આભાર માન્યો છે.

**(બાઈટ - INDIANS-ARRIVAL-IRAN)**

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, તે પરિસ્થિતી પર નજીકથી નજર રાખી રહ્યું છે અને ભારતીય નાગરિકોની સુખાકારી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# WPL

મહિલા પ્રીમિયર લીગ (WPL) ક્રિકેટમાં, આજે નવી મુંબઈમાં ડૉ. ડીવાય પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે બે મેચ રમાશે. જેમાં પહેલી મેચમાં, યુપી વોરિયર્સ અને મુંબઈ ઈન્ડિયન્સ સામસામે રમશે. આ મેચ બપોરે 3:00 વાગ્યે શરૂ થશે.

બીજી મેચમાં, દિલ્હી કેપિટલ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . .